ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"શું થયું સાહેબ મંત્રણાઓનું..!?!"

"કઈ મંત્રણાની વાત કરો છો પાછી..?!"

"તમે પણ ખરા છો..! પાટીદાર અનામત આંદોલનની મંત્રણાઓની..! ચાલે છે - ચાલશે અને સફળ પણ થશે..! પણ તમારા પેટમાં શાનું તેલ રેડાયું..?!"

"હવે શું કરવા તેલ રેડાય સાહેબ..?! ડંડા મારનારાય તમે... મલમ લગાવનારેય તમે... લોલીપોપ આપનારાય તમે... અને હવે... મંત્રણા કરનારાઓય તમે..!!"

"હા, એ તો અમારી સરકાર છે એટલે અમારે જ મંત્રણા કરવી પડે ને..! કોઈ પણ સમાજના પ્રશ્નો ઉકેલવા એ અમારો રાજધર્મ છે..!"

"ઓ... હો... હો... હવે રાજધર્મ યાદ આવ્યો..! ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ થયું એટલે..! તમને તો પહેલા રાજદ્રોહ દેખાતો'તો... ડંડા ચલાવ્યા-ગોળીઓ ચલાવી..! અને હવે પૂછો છો... શું જોઈએ છે ભાઈ..?!"

"હા... એ તો વાગ્યુ હોય એને જ ખબર પુછાય ને..?! જેની માંગણી હોય એની સાથે જ મંત્રણા થાય ને... એમાં ખોટું છે શું..!?! તમે કેમ વાતનું વતેસર કરો છો..?! અને ખેંચાઈ શેના જાઓ છો..?!"

"આમાં ખેંચાવા જેવું છે શું..?! પહેલા પ્રશ્નો ઉભા કરવા અને પછી પ્રશ્નો ઉકેલવા આ તમારી રસમ છે..! મારી તો વાત એવી છે, પ્રશ્નો વિકરાળ ન બને... ત્યાં સુધી આપણે પરવા ન કરીએ અને પાણીનો રેલો આવે... ત્યારે..."

"... ઓ...હો...હો... તમે તો જાણે એવી વાત કરો છો કે તમારા રાજમાં કોઈ આંદોલનો જ નથી થયા... તમે કોઈ પ્રશ્નોને ઉભા જ નથી થવા દીધા..! પ્રશ્નોને વકરવા જ નથી દિધા... અને મંત્રણાઓ કરી જ નથી..!?! 'સો ચુહે માર કે બિલ્લી હજ કો ચલી'... જેવો ઘાટ છે..!!"

"ઉશ્કેરાઓ છો શાના..?! વાત કરીએ છીએ..! અમારી એ ભુલો હતી... એની સજા ભોગવી છે... અને ભોગવીએ છીએ... અને એ ભુલોમાંથી પાઠ શીખવવા તમને ચેતવીએ છીએ..!! ફરીથી એની એ જ ભુલો ન કરો એટલા માટે આ કહીએ છીએ..!! પણ તમે તો જાણે મુખ્યમંત્રી હોવ તેમ તણાઈ જાવ છો..!!"

"ખોટુ સ્હેજેય સહન નથી થતું..!! 'એક ઘા ને બે કટકા'..! અમે રહ્યા આખા બોલા... પણ કહેવાનું સાચું..!"

"એટલે એનો અર્થ એવો કે અમે ખોટું કહીએ છીએ..?!"

"ખોટું નહિ સાહેબ..! પણ તમારા જવાબો રાજકીય હોય છે..! ગોળ-ગોળ હોય છે..!!"

"ગોળ-ગોળ નથી..!! વાસ્તવિક વાત જ કરીએ છીએ..! સમાજને વિભાજિત કરવાનું પોષાય એવું નથી... કોઈને પણ..! ચૂંટણીઓ તો કાલ પતી જશે..! અનામત અને બિનઅનામતની વાડાબંધી પણ હાનિકારક બની રહી છે... કોમ-કોમ વચ્ચે વેર-ઝેર ઉભા થઈ રહ્યા છે..!! એટલે ચેતવાનો સમય આવ્યો છે..."

"ઓ...હો... તમને તો કોઈ જપ-તપ કર્યા વગર બ્રહ્મજ્ઞાન આવ્યું..! આટલી સમજ પહેલેથી જ હોત તો રામ રાજ્યના ભાષણો

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા આજે એલઆઈજી અને એમઆઈજી આવાસોનો ડ્રો કરશે

**ગુડા દ્વારા આજે ૨૧૭ કરોડના કામોનુ લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરાશે : કુડાસણમાં એમ આઇ જી કક્ષાના ૨૪૦ તેમજ રાયસણમાં એલ આઇ જી કક્ષાના ૩૯૨ મકાનોનો ડ્રો થશે : અડાલજમાં પણ મકાનોનુ લોકાર્પણ કરાશે**

ગાંધીનગર તા ૨૬

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે ગુડા વિસ્તારના ૨૧૭ કરોડના કામોનુ લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરવામાં આવશે. આ દરમિયાન ગુડા દ્વારા ગુડા દ્વારા રાયસણ તેમજ કુડાસણમાં એલ આઈ જી અને એમ આઈ જી મકાનોનો ડ્રો કરવામાં આવશે. ગુડા દ્વારા લાભાર્થીઓને ધ્યાને લઈ ૬૩૨ મકાનોનો ડ્રો કરવામાં આવશે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજમાં પણ એલ આઈ જી ટુ ના મકાનોનુ લોકાર્પણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે ગુડા વિસ્તારમાં કુલ ૨૧૭ કરોડના કામોનુ લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરવામાં આવશે. જેમાં સરગાસણમાં એમ્યુઝમેન્ટ પાર્ક અને કુડાસણમાં રંગમંચ ઉપરાંત પાર્ટી પ્લોટ તેમજ વિવિધ ટી પી વિસ્તારમાં બગીચાઓનુ નિર્માણની કાર્યયોજના અન્વયે ખાતમુહુર્ત કરવામાં આવશે. ગુડા દ્વારા વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ગામોમાં પણ માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવી રહયા છે. જયારે ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી મળી રહે તે માટે નેટવર્ક ઉભુ કરવાના કામો સંદર્ભે વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તેમજ પાઈપલાઈનના નેટવર્કની કામગીરીનુ પણ ખાતમુહુર્ત કરવામાં આવશે. પાણી પુરવઠા યોજના અન્વયે પણ રૂ ૭ કરોડના કામોનુ ખાતમુહુર્ત કરવામાં આવશે. શહેરી વિકાસ સત્તામા મંડળ દ્વારા ઓછી આવકવાળા પરિવારજનો માટે અગાઉ રાયસણ , ચિલોડા તેમજ અડાલજમાં આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી. ગુડા દ્વારા કુલ ૧૧૪૦ જેટલા આવાસો તૈયાર કરવામાં આવ્યા બાદ હાલ આ ઠેકાણે રહીશોનો વસવાટ પણ જોવા મળી રહયો છે. જયારે ગુડા દ્વારા વધુ ૬૩૨ મકાનાનો આજે ડ્રો કરવામાં આવશે. જેમાં કુડાસણમાં એમ આઈ જી કેટેગરીના કુલ ૨૪૦

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૭૨,૭૬૩ બાળકો ઠીંગણા જણાયા

**કુપોષણ મુક્ત ગુજરાત અંતર્ગત કરાયેલ સર્વેમાં આ તારણ બહાર આવ્યું : અતિકુપોષિત અને કુપોષિત બાળકો ઘટ્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ઠીંગણા બાળકોની સંખ્યામાં ગત વર્ષની તુલનામાં આ વખતે વધારો થયો છે જો કે અતિ કુપોષિત અને કુપોષિત બાળકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવામાં તંત્ર સફળ રહ્યુ છે.

જિલ્લામાં ઠીંગણા બાળકોની સંખ્યા ૭૨,૭૬૩ જેટલી હોવાની જણાયેલ છે. જેમાં સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં ૨૫,૮૭૬ આ પછી કલોલ તાલુકામાં ૧૯,૭૮૧ અને દહેગામમાં ૧૬,૯૮૭ બાળકો જણાયેલ છે. માણસા તાલુકામાં ૧૦,૧૧૯ બાળકો ઠીંગણા જણાયા છે.

જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા ૦ થી ૫ વર્ષની વય ધરાવતા બાળકોના કરાયેલા સ્ક્રીનીંગમાં આ હકીકતો બહાર આવી છે. જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં બે ટકા થી વધુનો ઘટાડો થયો છે તો અતિ કુપોષિત બાળકોની સંખ્યામાં પણ સારો એવો ઘટાડો નોંધાયો છે.

જિલ્લાતંત્ર દ્વારા આ વખતે ૧,૫૭,૮૩૭ બાળકોનો સર્વે કરવામાં આવ્યો હતો. ૧૫-૬ થી ૨૫-૯-૧૭ દરમ્યાન આ સર્વેની કામગીરી કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાંથી અતિ કુપોષિત બાળકો માત્ર ૩૪૧ મળ્યા છે જે ગત વર્ષે બીજા રાઉન્ડ દરમ્યાન ૮૮૬ મળ્યા હતા. આમ તેમાં ૦.૫૦નો ઘટાડો નોંધાયો છે.

કુપોષિત બાળકો જે ગત વર્ષે ૫૭૦૦ મળ્યા હતા તેની સામે આ વર્ષે માત્ર ૪૪૬૩ બાળકો મળ્યા છે. ગત વર્ષની ટકાવારી ૪.૦૩ ટકા જેટલી

● અનુસંધાન પાન-૭ પર



આજ ગગનથી ચંદન ઢોળાય રે... - વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ ગુજરાતમાં મનભરીને ઉજવાય છે... પાંચમી રાત્રીએ ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઢોલના તાલે ઝુમ્યા હતા... શહેરના વિવિધ સ્થાનો પર યોજાતા નવરાત્રી મહોત્સવ જાણે કે આખુ ગાંધીનગર બહાર નિકળીને ઉત્સવ ઉજવતું હોય એવા દશ્યો અનુભવાતા હતા... ગાંધીનગરનું એક માત્ર પર્વ જે અબાલ-વૃદ્ધ સાથે મળીને ઉજવે છે...

# અખાદ્ય ચીજોનો વેપલો કરનારાઓ સામે તંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ફૂડ બ્રાન્ચ દ્વારા ૪૫ જેટલા લારી-ગલ્લાઓ પર દરોડા પાડી અને ૩૦ કિલો જેટલી અખાદ્ય ચીજોનો નાશ કરાવ્યો હતો.

મનપાના ફૂડ તંત્રને શહેરમાં અખાદ્ય ચીજવસ્તુઓના વધતા જતા વેચાણ અંગે મળેલી વ્યાપક ફરિયાદોને પગલે હરકતમાં આવેલ તંત્રએ નવ જેટલી દુકાનોમાં ત્રાટકી અને ત્યાંથી નમૂના મેળવી પૃથ્થકરણ માટે મોકલી આપ્યા છે.

શહેરમાં હાલ નવરાત્રીનું પર્વ ચાલી રહ્યુ છે ત્યારે અખાદ્ય ચીજોનું વેચાણ કાગળ કે અન્ય વસ્તુઓમાં કરવામાં આવતી હોવાની ફરિયાદો મળી હતી. તંત્રએ પણ આ બાબતને ગંભીરતાથી લીધી હતી અને એક જ દિવસમાં ૪૫ જેટલા લારી-ગલ્લાઓ પર દરોડા પાડ્યા હતા.

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે એક મહત્વની બેઠક મળશે.

આજે મળનારી આ બેઠકમાં સે-૬ થી ૮ના આંતરિક માર્ગોના રિપેરીંગ માટે મળેલ રૂ. પાંચ કરોડની ગ્રાન્ટ માર્ગ મકાન વિભાગ હસ્તક મુકવાનો નિર્ણય લેવામાં આવશે

આ ઉપરાંત સામાન્ય સભામાં ડોર ટુ ડોર કલેકશનના મુદ્દે રજુ થયેલી ફરિયાદો પછી હવે સ્થાયી સમિતિએ કામગીરીની સમીક્ષા આજની બેઠકમાં કરવાનો નિર્ણય કર્યો છે અને તેની સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે વાહનોની સમસ્યા હળવી બને તે માટે અમદાવાદ કોર્પોરેશનના કેટલાક જુના વાહનો પણ મેળવવામાં આવ્યા છે અને કચરાનું કલેકશન નિયમિત રીતે થાય તે દિશામાં કાર્યવાહી પણ હાથ ધરી દેવામાં આવી છે.

# નીલગાયનો ત્રાસ ડામવા માટે વરુના સંવર્ધનનો પ્રયોગ અમલી બનાવાશે

**ગુજરાતમાં છેલ્લે ૧૯૮૫ માં વાઘ દેખાયો હતો :ડાંગના જંગલને વિકસાવી વાઘ માટે સાનુકુલ વાતાવરણ ઉભુ કરવા માટે પણ વિચારણા**

ગાંધીનગર તા ૨૬

ગુજરાતમાં નીલગાય અને ભુંડના ત્રાસના લીધે ખેતીપાકને પણ નુકશાન થઈ રહયુ છે. ત્યારે વન વિભાગે નીલગાયના ત્રાસને ડામવા માટે વરુના સંવર્ધન માટે આયોજન કર્યુ છે. વરૂની પેરને પ્રાથમિક તબક્કે પ્રાણીસંગ્રાહલયમાં મેટીંગ બ્રીડીંગ કરાવી વરુની વસતી વધારવાના પ્રયાસ કરાશે. વરૂને નીલયાય પ્રભાવિત વિસ્તારમાં સાનુકુળ વાતાવરણમાં મુકાશે નીલગાય અને ભુંડના શિકારી પ્રાણી વરૂની સંખ્યા વધારવા પ્રયાસ કરાશે જયારે ગુજરાતામાં છેલ્લા ૩૨ વર્ષથી વાઘ જોવા મળ્યો નથી. ત્યારે ડાંગના જંગલોને ડેવલપ કરી વાઘને અનુકુલ વાતાવરણ તેમજ તૃણાહારી પ્રાણીઓની સંખ્યા પણ આ વિસ્તારમાં વધે તેવા પ્રયાસ કરાશે તેમ વાઈલ્ડ લાઈફ વોર્ડન જી કે સિંહાએ આજે જણાંવ્યુ હતુ.

વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન અંગે જનજાગૃતિ કેળવાય તેમજ વન્યજીવ અંગેની માહીતીનુ આદાન પ્રદાન કરવાના આશય સાથે વનવિભાગ દ્વારા આગામી તા ૨ થી ૮ ઓકટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે રાજયમાં વિવિધ જગ્યાએ સેમિનારનુ આયોજન પણ કરાયુ છે. આ મામલે વન્યજીવ અને ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન જી કે સિંહાએ આજે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે વન્ય સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ સ્પર્ધાઓ પણ યોજાશે. જયારે વન્ય જીવ સંરક્ષણ તેમજ સંવર્ધન માટે પણ પ્રયાસો કરાશે. તેમણે જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં વધતા નીલગાય તેમજ ભુંડના ત્રાસને ડામવા માટે વરૂના સંવર્ધન માટે વિશિષ્ટ પ્રયાસો કરાશે. જેમાં વરૂની પેરને પ્રાણીસંગ્રાહલયમાં મેટીંગ કરાવી વસતી વધારવાની સાથે નીલગાય પ્રભાવિત વિસ્તારમાં સાનુકુળ વાતાવરણમાં ફરતા કરાશે. વરૂ નીલગાય તેમજ ભુંડનો વિશેષ શિકાર કરતા હોવાથી આમ આ ત્રાસમાંથી મુક્ત થવા આ નવતર આયોજનને અમલમાં મુકાશે. જયારે ગુજરાતમાં વર્ષ ૧૯૮૫ ના વર્ષમાં છેલ્લે વાઘ દેખાયો હતો. વ્યારા નજીક અકસ્માતમાં વાઘનુ મોત થયુ હતુ. જયારે ત્યારબાદ વાઘ દેખાયો નથી. જેને ધ્યાને લઈ ડાંગના જંગલને ડેવલપ કરી વાઘ માટે સાનુકુળ વાતાવરણ ઉભુ કરવાની પણ વિચારણા ચાલી રહી છે.જેમાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધે તેવા પણ પ્રયાસો કરાશે. ઉચ્ચકક્ષાએથી મંજુરી મળ્યા બાદ કાર્યયોજના પર આગળ કામગીરી હાથ ધરાશે. વાઘને સાનુકુળ હોય તે મુજબનુ પ્રાકૃતિક વાતાવરણ ઉભુ કરાશે. વન્ય જીવ સપ્તાહની વર્ષ ૨૦૧૭ ની ઉજવણી અન્વયે રાજયમાં ગાંધીનગર અને બરોડા સહીતના સ્થળે સેમિનાર યોજવામાં આવશે.

# સેકટરોમાં માર્ગ સુધારણા પુર્વે આંતરિક માર્ગો પરના ગાબડા પુરાશે

**સેકટરોમાં આંતરિક માર્ગો નિચાણમાં ધકેલાતા યોગ્ય લેવલીંગ કરવા માટે મથામણ**

ગાંધીનગર તા ૨૬

શહેરના સેકટરોમાં છેલ્લા બે વર્ષથી આંતરિક માર્ગોની દશા ખરાબ છે. ત્યારે દિવાળી પુર્વે માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે. શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સેકટરોમાં માર્ગો પર મોટામસ ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. જેને અનુલક્ષી આજથી માર્ગો પરના ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવાઈ છે. એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે. ટુંકમાં જ માર્ગ સુધારણાની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

શહેરમાં માર્ગ સુધારણાની જયારે વરસાદી દિવસોનો અંત આવતા હવે ટુંકમાં જ સેકટરોના રોડ નેટવર્કને સુધારવા માટે કામ હાથ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com